सत्यमेव जयते

**જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટમાં, પલસાણા**
**જે.જે. આહુજા સમક્ષ**

ક્રિમિનલ પરચુરણ અરજી (જે) ક્રમાંક:- ૫૭/૨૦૨૬
જામીન અરજી તળે હુકમ:-

અરજદાર:- **કમુબેન w/o પ્રભાતભાઈ કીકાભાઈ વસાવા**
ઉ.વ.૪૬ , રહે. કુંભારીયા પાદરફળીયું
હળપતીવાસ,તા.ચોર્યાસી,જી.સુરત

-:વિરૂધ્ધ:-

સામાવાળા:- સરકાર( ગુજરાત રાજય)

વિષય: ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૮૦ હેઠળ જામીન અરજી

-----------------------------------------
ગુ ર નં:- **સી-૧૧૨૧૪૦૨૩૨૬૦૫૨૬/૨૦૨૬**
પોલીસ સ્ટેશન:- કડોદરા જી.આઈ.ડી.સી.
-----------------------------------------

અરજદાર તર્ફે:- વિ વ શ્રી ડી.ડી.ભરવાડ
સામાવાળા તર્ફે:- વિ એ પી પી શ્રી જે.ડી.પટેલ

**-:હુકમ:-**

**(૧)** જામીન અરજી, એફ.આઈ.આર. તથા પોલીસ પેપર્સ ધ્યાને લીધા.હાલના કામે આરોપી વિરુદ્ધ ઉપર દર્શાવેલ ગુના રજીસ્ટર નંબરથી ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ-૬૫(ઈ),૮૧ મુજબનો ગુનો નોંધાયેલ છે.

(૨) હાલની જામીન અરજી સંદર્ભે ઉભયપક્ષની રજૂઆત સાંભળવામાં આવેલ છે.

(૩) અરજદાર/ આરોપીપક્ષે આરોપી નિર્દોષ હોવાની રજૂઆત કરેલ છે. વધુમાં રજૂઆત છે કે, આરોપી તપાસ તેમજ ઈન્સાફી કાર્યવાહીમાં સંપૂર્ણ સહકાર આપશે. તેમજ આરોપીને વધુ સમય જેલમાં રાખવાથી કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબનો કોઈ ફળદાયી હેતુ સરતો ના હોવાની રજૂઆત છે. આ ઉપરાંત તપાસ તેમજ ઈન્સાફી કાર્યવાહીમાં વધુ સમય લાગે તેમ હોય જામીનમુકત કરવા રજૂઆત કરેલ છે.

(૪) આ કામે વિદ્ધાન એ પી પી શ્રીનો શેરો વંચાણે લીધો. તેઓએ જણાવેલ છે કે આ કામના આરોપી ઉપર આ પ્રકારના ગુન્હા દાખલ થયેલ હોય ગુનો કરવાની ટેવવાળો હોય છોડવામાં આવે તો ફરીથી ગુન્હા કરે એમ હોય છોડવા સામે વાંધો છે.

(૫) આ કામે ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલ બોટલો નંગ-૩૧૨, કિં.રૂ.૪૯,૩૯૨/- નો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે. હાલના કામે રજૂ રેકર્ડ જોતા અરજદાર/આરોપી વિરૂધ્ધ આજીવન કે મોતને શિક્ષાપાત્ર ગુનાનો આક્ષેપ નથી તેમજ ટ્રાયલ ચલાવવાની અત્રેની અદાલતને સત્તા રહેલ છે. ઉકત હકીકતે આરોપી વિરૂધ્ધના આક્ષેપની સત્યતા બાબતે તપાસ તેમજ ઈન્સાફી કાર્યવાહીના અંતે જ યોગ્ય નિર્ણય થવા પામશે તેવા સંજોગોમાં આરોપી વિરૂધ્ધના આક્ષેપિત ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ તેમજ તપાસ તથા ઈન્સાફી કાર્યવાહીમાં લાગનારો સમય ધ્યાને લઈ આરોપીને જામીનમુકત કરવો ન્યાયોચિત જણાય છે.

આથી, તપાસ તેમજ ઈન્સાફી કાર્યવાહી સમયે આરોપીની હાજરી

સુનિશ્ચિત બને તેમજ ફરિયાદપક્ષનો પુરાવો યોગ્ય રીતે જળવાઈ રહે તે હેતુસર ચોક્કસ શરતોને આધીન આરોપીને જામીનમુકત કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ જણાઈ આવે છે.

(૬) આથી, હાલની અરજી પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:આખરી હુકમ:-**

(૧) હાલની જામીન અરજી **મંજૂર** કરવામાં આવે છે.

**(૨) આ કામના અરજદાર/આરોપીએ** રૂ.૧૫,૦૦૦/- અંકે રૂપિયા પંદર હજાર પુરાના જાતમુચરકા તેમજ તેટલી જ રકમના જામીન રજૂ કર્યેથી નીચે મુજબની શરતોને આધીન કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનના **ગુ.ર.નં-સી-૧૧૨૧૪૦૨૩૨૬૦૫૨૬/૨૦૨૬** ના કામે ગુજરાત નશાબંધી અધિનિયમ કલમ-**૬૫(ઈ),૮૧** મુજબના ગુનાના કામે જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ-**

અરજદારે પોતાનું હાલનું તથા કાયમી સરનામું પુરાવા તથા મોબાઈલ નંબર સહિત અત્રેની કોર્ટમાં જાહેર કરવું.

(૩) હાલની અરજીનું રેકર્ડ આ તબ્બકે પ્રોડકશન પેપર્સ સાથે સામેલ રાખવું. તેમજ આખરી અહેવાલ રજૂ થયેથી અરજી તેમજ અન્ય પેપર્સ આખરી અહેવાલ સાથે સામેલ રાખવા.

તારીખ:09-03-26
સ્થળ: પલસાણા

**(જે.જે. આહુજા)**
જયુડિ. મેજિ. ફ.ક., પલસાણા.
જજ કોડ:જીજે ૦૧૪૩૬